# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**************************************************

1) સર્વોચ્ચ અદાલતમાં વકફ (સુધારા) કાયદો, 2025ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી શરૂ થઇ.

2) વિદેશ સચિવ વિક્રમ મિસરી વિદેશ જનારા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળને આજે ઓપરેશન સિંદૂર અંગેની માહિતી આપશે.

3) ઉત્તરાખંડમાં ચાલી રહેલી ચારધામ યાત્રામાં અત્યાર સુધી 10 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા.

4) ઉત્તરપૂર્વ અને દક્ષિણ ભારતનાં કેટલાંક રાજ્યોમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયું.

5) IPLમાં આજે ચેન્નાઈ સુપર કિંગ્સ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# REV:SC - WAQF PLEAS

સર્વોચ્ચ અદાલતમાં આજે વકફ (સુધારા) અધિનિયમ, 2025 ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી શરૂ થઇ  છે. અરજદારો તરફથી દલીલ કરતાં વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું હતું કે તેમને વકફ સુધારા અધિનિયમ સામે વાંધો છે.. જ્યારે સરકાર પક્ષે દલીલ કરતાં સોલીસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે આ અરજીઓમાં જે ત્રણ મુદ્દા ઉભા કરાયા છે. તેની ઉપર જ સુનાવણી કરવામા આવે.

સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલત ત્રણ મુખ્ય મુદ્દાઓ પર વચગાળાના નિર્દેશો પર વિચાર કરે તેવી અપેક્ષા છે - જેમાં અદાલત દ્વારા વકફ તરીકે જાહેર કરાયેલી મિલકતોને ડિનોટિફાય કરવાની સત્તા, વકફ-બાય-યુઝર અને વકફ-બાય-ડીડનો સમાવેશ થાય છે.

હોદ્દેદારી સભ્યો સિવાય, ફક્ત મુસ્લિમોને જ આ સંસ્થાઓમાં સેવા આપવાની મંજૂરી આપવી જોઈએ અને ત્રીજો મુદ્દો છે કે તપાસ પછી, જિલ્લા કલેક્ટર મિલકતને સરકારી જમીન માને છે તો તેને વકફ ગણવામાં આવશે નહીં. મુખ્ય ન્યાયમૂર્તિ બી. આર. ગવઇની અધ્યક્ષતા વાળી બંધારણીય બેંચ સમક્ષ આ સુનાવણી ચાલી રહી છે..

# REV:MISRI-DELEGATION

વિદેશ સચિવ વિક્રમ મિસરી આજે ઓપરેશન સિંદૂર પર રાજદ્વારી સંપર્ક માટે ભારત દ્વારા વિદેશમાં મોકલવામાં આવી રહેલા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળના સભ્યોને માહિતી આપશે.

આ સાત પ્રતિનિધિમંડળો યુએન સુરક્ષા પરિષદના સભ્યો સહિત મુખ્ય ભાગીદાર દેશોની મુલાકાત લેવાના છે. સંસદના 59 સભ્યો ધરાવતા પ્રતિનિધિમંડળો કુલ 32 દેશોની મુલાકાત લેશે. આ મુલાકાત આ મહિનાની 23 તારીખથી શરૂ થવાની છે અને તે આગામી મહિનાની પહેલી તારીખ સુધી ચાલશે. આ દેશોમાં યુએસ, સાઉદી અરેબિયા, બહેરીન, કુવૈત, અલ્જેરિયા, યુકે, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, ડેનમાર્ક, ગુયાના, બ્રાઝિલ, કોલંબિયા, દક્ષિણ કોરિયા, જાપાન અને સિંગાપોરનો સમાવેશ થાય છે.

આ પ્રતિનિધિમંડળોનું નેતૃત્વ કોંગ્રેસના સાંસદ શશી થરૂર, ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદ, જેડીયુ સાંસદ સંજય કુમાર ઝા, ભાજપના સાંસદ બૈજયંત પાંડા, ડીએમકે સાંસદ કનિમોઝી કરુણાનિધિ, એનસીપી સાંસદ સુપ્રિયા સુલે અને શિવસેના સાંસદ શ્રીકાંત એકનાથ શિંદે કરશે.

આ ટીમો આતંકવાદ અંગેના ભારતના શૂન્ય સહિષ્ણુ અભિગમ અંગેનો વિશ્વના દેશો સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરશે.

# MANOHARLAL KHATTAR BRICS

કેન્દ્રીય ઊર્જા મંત્રી મનોહર લાલે બ્રાઝિલમાં બ્રિકસ ઊર્જા મંત્રીઓની બેઠકમાં ઊર્જા સુરક્ષાને એક વૈશ્વિક પડકાર તરીકે ગણાવી હતી ભારતના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરતા તેમણે આર્થિક સ્થિરતા અને ટકાઉ વિકાસ સુનિશ્ચિત કરવા બ્રિકસ દેશો વચ્ચે સહકારના મહત્વ પર ભાર મૂક્યો હતો.

આ બેઠક દરમિયાન મંત્રીએ ભારતની સ્વચ્છ ઊર્જાની નોંધપાત્ર સિદ્ધિઓ વર્ણવી હતી. તેમણે વીજ ઉત્પાદન ક્ષમતા, પુનઃપ્રાપ્ય ઊર્જા, હરિત હાઇડ્રોજન અને ઊર્જાના ક્ષેત્રમાં એક દાયકાની પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો તેમણે વર્ષ 2032 સુધીમાં 900 ગીગાવોટના લક્ષ્યાંક સાથે વર્ષ 2025 સુધીમાં વીજળી ઉત્પાદન ક્ષમતામાં 90 ટકાનો વધારો કરીને 475 ગીગાવોટ કરવાનો પણ તેમના સંબોધનમાં ઉલ્લેખ કર્યો હતો.

તેમણે સૌર અને પવન ઊર્જાના વિશ્વના ત્રીજા સૌથી મોટા ઉત્પાદક તરીકે ભારતની સ્થિતિ પર પણ પ્રકાશ પાડ્યો. મંત્રીએ ઊર્જા કાર્યક્ષમતા, હરિત હાઇડ્રોજન, પરમાણુ ઊર્જા અને જૈવ ઇંધણ માટે ભારત પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું હતું..

# BHUJBAL OATH

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-NCPના વરિષ્ઠ નેતા છગન ભુજબળે આજે મહારાષ્ટ્રની યુતિ સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા. રાજભવન ખાતે રાજ્યપાલ સી પી રાધાકૃષ્ણને તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રીઓ એકનાથ શિંદે અને અજીત પવાર ઉપસ્થિત રહ્યા હતા.

# UTTARAKHAND- CHAR DHAM YATRA

ઉત્તરાખંડમાં ચાલી રહેલી ચારધામ યાત્રામાં શ્રદ્ધાળુઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

યાત્રા શરૂ થયાના માત્ર વીસ દિવસમાં દસ લાખથી વધુ શ્રદ્ધાળુઓ બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી ધામનાં દર્શન કર્યા. સત્તાવાર આંકડા મુજબ, અંદાજે ચાર લાખ શ્રદ્ધાળુઓ કેદારનાથ બે લાખ શ્રદ્ધાળુઓ બદ્રીનાથ અને ત્રણ લાખ 55 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ ગંગોત્રી અને યમુનોત્રી ધામનાં દર્શન કર્યા છે.

રાજ્ય સરકાર અને વહીવટીતંત્રે આ વર્ષે યાત્રા સરળ અને સલામત રહે તે માટે વ્યાપક તૈયારીઓ કરી છે. ચારેય ધામોમાં આરોગ્ય શિબિરો, મોબાઇલ મેડિકલ યુનિટ અને 108 એમ્બ્યુલન્સ સેવાઓ તૈનાત કરવામાં આવી છે. જયારે યાત્રાળુઓ માટે પીવાનું પાણી, સ્વચ્છતા અને આરામ સ્થળો માટે પણ પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. યાત્રા દરમિયાન સુરક્ષા વધારવા એક વિશેષ દેખરેખ પ્રણાલી શરૂ કરાઇ છે. ઉપરાંત, કોઈપણ કટોકટીની સ્થિતિમાં ઝડપી સહાય પૂરી પાડવા યાત્રા માર્ગો અને યાત્રાધામો પર ટ્રાફિક વ્યવસ્થાપન, હવામાન ચેતવણી અને કટોકટી પ્રતિભાવ ટીમ તૈનાત કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 25 મે-એ આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે.

લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800, નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી પણ મોકલી શકે છે. 23 મે સુધી મંતવ્યો અને વિચાર સ્વીકારવામાં આવશે.

# RETREAT CEREMONY

સરહદ સુરક્ષા દળ-BSF એ જાહેરાત કરી છે કે પંજાબ સરહદ પરની ત્રણેય સંયુક્ત તપાસ ચોકીઓ પર આજથી રિટ્રિટ સમારોહ ફરી શરૂ થશે. બી. એસ. એફ. મુજબ, આ સમારોહ આજે માત્ર મીડિયાના લોકો માટે ખુલ્લો રહેશે અને આવતીકાલથી સામાન્ય લોકો માટે ફરી શરૂ કરાશે.

આ મહિનાની આઠ તારીખે અટારી, હુસૈનીવાલા અને સદકી ખાતે રીટ્રીટ સમારંભો જાહેર જનતા માટે સ્થગિત કરાયા હતા. પહલગામ આતંકવાદી હુમલા બાદ રિટ્રિટ કાર્યક્રમ સ્થગિત કરાયો હતો.

# KARNATAKA AND CHHATISGARH RAINS

ઉત્તરપૂર્વ અને દક્ષિણ ભારતનાં કેટલાક રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. અમારા સંવાદદાતા જણાવે છે કે,બેંગ્લુરુમાં ભારે વરસાદથી શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાથી સમસ્યા ઉભી થઈ છે. શહેરમાં ગઈ કાલે રાત્રે એક ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો.

ઝારખંડમાં ભારે વરસાદ અને વીજળી ત્રાટકવાથી છ વ્યક્તિનાં મૃત્યુ થયા છે અને પાંચને ઇજા થઈ છે. હવામાન વિભાગે રાંચી સહિતનાં 10 જિલ્લામાં યલો એલર્ટ જારી કર્યો છે. આ ઉપરાંત આસામ,મેઘાલય અને ત્રિપુરામાં પણ ભારે વરસાદના અહેવાલ છે.

હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન કર્ણાટકમાં પણ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક આર.કે. જેનામણીએ જણાવ્યું કે આવતીકાલથી મુંબઈમાં પણ મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે. તેમણે કહ્યું કે દેશના ઉત્તરીય ભાગોમાં ગરમી વધવાની કોઈ શક્યતા નથી.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ-IPL ટી-20 ક્રિકેટમાં આજે ચેન્નાઈ સુપર કિંગ્સ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે. બંને ટીમ પ્લેઓફ રેસમાંથી બહાર નીકળી ગઈ છે.

ગઈ રાત્રે લખનૌ સુપર જાયન્ટ્સ સનરાઇઝર્સ હૈદરાબાદ સામે છ વિકેટે હાર્યા બાદ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. આ સાથે પ્લેઓફમાં અંતિમ સ્થાન માટે મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે હરીફાઈ છે. ગુજરાત ટાઇટન્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને પંજાબ કિંગ્સ અગાઉથી જ પ્લેઓફમાં સ્થાન નિશ્ચિત કરી લીધું છે.

# **LIMA** 2025

17મું લેંગકાવી ઇન્ટરનેશનલ મેરીટાઇમ એન્ડ એરોસ્પેસ એક્ઝિબિશન (LIMA 2025) આજે મલેશિયાના લેંગકાવી ખાતે શરૂ થશે. પાંચ દિવસીય કાર્યક્રમમાં સંરક્ષણ રાજ્ય મંત્રી સંજય શેઠ ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. તેઓ આ પ્રદર્શનમાં ભારતનાં પેવેલિયનનું ઉદઘાટન કરશે.

આ પ્રદર્શનમાં મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ, ભારત ડાયનેમિક્સ લિમિટેડ, BEML, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ અને ગ્લાઈડર્સ ઇન્ડિયા લિમિટેડ સહિત સંરક્ષણ ક્ષેત્રના ઘણા જાહેર સાહસો અને ખાનગી સંરક્ષણ કંપનીઓ ભાગ લેશે.